પંજાબના જલંધરમાં આપ નેતાની ગોળી મારીને હત્યા

ચંદીગઢ, તા. 6 (પીટીઆઈ): પંજાબના જલંધરમાં શુક્રવારે સવારે સનસનાટીભરી ઘટનામાં આમ આદમી પાર્ટીના (આપ) નેતા લકી ઓબેરોયની ગુરુદ્વારાની બહાર ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. 43 વર્ષીય ઓબેરોય મોડેલ ટાઉન વિસ્તારમાં ગુરુદ્વારામાં માથું ટેકવીને પોતાની મહિન્દ્રા થાર ગાડીમાં પરત ફરી રહ્યા હતા, ત્યારે સવારે 7:30 વાગ્યાની આસપાસ આ હુમલો થયો હતો. સીસીટીવી ફૂટેજ મુજબ, કાળા રંગની હૂડી પહેરેલો એક હુમલાખોર પગપાળા આવ્યો અને અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ તે નજીકમાં એક્ટિવા પર રાહ જોઈ રહેલા સાથી સાથે ફરાર થઈ ગયો હતો. હોસ્પિટલના ડોક્ટરો મુજબ, ઓબેરોય પર 8 થી 9 રાઉન્ડ ફાયરિંગ થયું હતું, જેમાં એક ગોળી છાતીમાં વાગી હતી, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું. સતવિંદરપાલ સિંહ ઉર્ફે લકી ઓબેરોય જલંધર કેન્ટમાં વોર્ડ ઈન્ચાર્જ અને વ્યવસાયે ફાઇનાન્સર હતા. આ ઘટનાની જવાબદારી વિદેશમાં રહેતા ગેંગસ્ટર જોગરાજ સિંહ ઉર્ફે જોગા ફોલરીવાલે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સ્વીકારી છે, જેમાં તેણે આ હત્યા પાછળ અંગત દુશ્મની અને કોલેજ પ્રમુખ પદના વિવાદનો ઉલ્લેખ કર્યો છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે આઈપી એડ્રેસ દ્વારા તપાસ ચાલી રહી છે. તપાસમાં સામે આવ્યું છે કે હુમલાખોરોએ અગાઉ ઓબેરોયના હલનચલનની 'રેકી' કરી હોવાની શક્યતા છે.

ઓબામા દંપતિને વાનર તરીકે દર્શાવતો વીડિયો ટ્રમ્પે શેર કરતા વિવાદ

ટ્રમ્પની વંશીય ધિક્કાર ધરાવતી વ્યક્તિ તરીકે થઇ રહેલી ટીકા

વ્હાઇટ હાઉસે આ ટીકાઓ ફગાવતા કહ્યું કે આ માત્ર રમૂજનો ભાગ હતું

રિપબ્લિકન પક્ષમાંના જ ટ્રમ્પના વિરોધી જૂથે આને હદબહારનો વંશવાદ ગણાવ્યો

વોશિંગ્ટન, તા. 6(AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ચૂંટણીના ષડયંત્રો વિશેનો એક વીડિયો શેર કર્યો છે જેમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને તેમના પત્ની મિશેલ ઓબામાને જંગલમાંના વાનરો તરીકે દર્શાવતું વંશીય ચિત્રણ કરવામાં આવ્યું છે. રિપબ્લિકન રાષ્ટ્રપતિની ગુરુવાર રાતની આ પોસ્ટના કારણે દેશના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ અને પ્રથમ મહિલા સાથેના આ પ્રકારના વર્તન બદલ તાત્કાલિક ભારે ટીકાઓ શરૂ થઈ હતી.

આ પોસ્ટ ટ્રમ્પની એ સોશિયલ મીડિયા ગતિવિધિઓનો એક ભાગ હતી જેમાં તેમણે 2020ની ચૂંટણી તેમની પાસેથી ચોરી લેવામાં આવી હોવાના ખોટા દાવાઓને વેગ આપ્યો હતો, જો કે દેશભરની અદાલતો અને તેમના પોતાના પ્રથમ કાર્યકાળના એટર્ની જનરલે પણ એવા કોઈ પુરાવા મળ્યા ન હોવાનું જણાવ્યું હતું જે ચૂંટણીના પરિણામને અસર કરી શકે.

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે ઓબામા દંપતીને દર્શાવતી આ પોસ્ટ માટેની ટીકાઓને ફગાવી દીધી હતી. બીજી તરફ, ઓબામાના પ્રવક્તાએ શુક્રવારે આ અંગે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નહોતી. ટ્રમ્પ દ્વારા રાતોરાત કરવામાં આવેલી ડઝનબંધ ટ્રુથ સોશિયલ પોસ્ટ્સમાં સામેલ આ 62-સેકન્ડની ક્લિપનો મોટો ભાગ એક કન્ઝર્વેટિવ વીડિયોમાંથી લેવામાં આવ્યો છે, જેમાં 2020ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં બેટલગ્રાઉન્ડ સ્ટેટ્સમાં વોટિંગ મશીનો સાથે જાણીજોઈને છેડછાડ કરવામાં આવી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ વીડિયોમાં 60-સેકન્ડના માર્ક પર બે વાનરોનું એક ટૂંકું દ્રશ્ય છે, જેના પર ઓબામા દંપતીના હસતા ચહેરાઓ લગાડવામાં આવ્યા છે. આ દ્રશ્યો એક લાંબા વીડિયોમાંથી લેવામાં આવ્યા છે જે અગાઉ એક પ્રભાવશાળી કન્ઝર્વેટિવ મીમ મેકર દ્વારા શેર કરવામાં આવ્યો હતો. તે વીડિયોમાં ટ્રમ્પને કિંગ ઓફ ધ જંગલ તરીકે બતાવવામાં આવ્યા છે અને જો બાઈડન સહિતના અનેક ડેમોક્રેટિક નેતાઓને પ્રાણીઓ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ઉશ્કેરણીજનક તેમજ વંશીય ભાષા વાપરવાનો ટ્રમ્પનો લાંબો ઈતિહાસ રહ્યો છે.

ફેબ્રુઆરી ૧૧ થી શરૂ થનારા ૨૦૨૬ ના નાઇસ કાર્નિવલની તૈયારી વખતુ, ફ્રાન્સના નાઇસમાં આવેલી એક વેરહાઉસમાં વિશાળકાય શિલ્પોની સામે વામન જેવો લાગતો એક કારીગર. આ વાર્ષિક ઉત્સવમાં વિશાળ માથાઓ અને અન્ય શિલ્પો ધરાવતા ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર હોય છે.

ઓમાનમાં ઈરાન-અમેરિકા વચ્ચે પરોક્ષ મંત્રણા યોજાઈ

અમેરિકા અને ઇરાનના પદાધિકારીઓએ એકબીજા સાથે સીધી મંત્રણા કરી નહીં, ઓમાનના મધ્યસ્થીકારો સાથે વારાફરતી વાતચીત કરી

રાજદ્વારી અને તકનીકી વાટાઘાટો શરૂ કરવા માટે યોગ્ય માહોલ તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું

મસ્કત, 6 ફેબ્રુઆરી (AP): ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે શુક્રવારે ઓમાન દ્વારા ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે પરોક્ષ મંત્રણાની મધ્યસ્થી કરવામાં આવી હતી, જેમાં બંને દેશોના કાફલા સલ્તનતના ટોચના રાજદ્વારી સાથે બેઠક કરવા માટે અલગ-અલગ પહોંચ્યા હતા.

ઈરાની અથવા અમેરિકન પક્ષ તરફથી આ બાબતે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. એસોસિએટેડ પ્રેસના પત્રકારોએ ઓમાનની રાજધાની મસ્કતના બહારના વિસ્તારમાં, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક આવેલા એક પેલેસમાં ઈરાનીઓને જોયા હતા. ઈરાનીઓને તેમની નજીકની હોટલમાં પરત લઈ જવા માટે આ કાફલો થોડા સમય પછી રવાના થયો હતો; ઈરાની સરકારી મીડિયાએ સ્વીકાર્યું હતું કે વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ તેમના ઓમાની સમકક્ષ બદર અલ-બુસૈદી સાથે મુલાકાત કરી હતી. ઈરાની વાહનો ગયા પછી જ અમેરિકન ધ્વજ ધરાવતી એસયુવી (SUV) સહિતનો બીજો કાફલો પેલેસના મેદાનમાં દાખલ થયો હતો. તે ત્યાં લગભગ દોઢ કલાક રોકાયા બાદ રવાના થયો હતો. ત્યારબાદ, ઓમાનના વિદેશ મંત્રાલયે એક નિવેદન પ્રકાશિત કરતા જણાવ્યું હતું કે અલ-બુસૈદીએ અરાઘચી સાથે અને ત્યારબાદ અમેરિકાના મધ્ય-પૂર્વના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે અલગથી મુલાકાત કરી હતી.

ઓમાનની જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, પરામર્શ રાજદ્વારી અને તકનીકી વાટાઘાટો ફરી શરૂ કરવા માટે યોગ્ય સંજોગો તૈયાર કરવા પર કેન્દ્રિત હતો, જેથી ટકાઉ સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવામાં સફળતા સુનિશ્ચિત કરવા માટે પક્ષકારોના નિર્ધારને ધ્યાનમાં રાખીને આ વાટાઘાટોના મહત્વને સુનિશ્ચિત કરી શકાય.

જો કે, એ સ્પષ્ટ થયું ન હતું કે તે દિવસ માટે મંત્રણાનો અંત હતો કે કેમ, પરંતુ અમેરિકનોના ગયા પછી તરત જ ઓમાની અધિકારીઓ પણ પેલેસ છોડીને રવાના થયા હતા. અરબી દ્વીપકલ્પના પૂર્વી છેડે આવેલા આ સલ્તનતમાં બંને દેશો એવા સમયે પરત ફર્યા છે જ્યારે જૂન મહિનામાં ઈરાન સામે ઈઝરાયેલના 12 દિવસના યુદ્ધ પછી બેઠકોના રાઉન્ડ નિષ્ફળ ગયા હતા.

અમેરિકાએ તે યુદ્ધ દરમિયાન ઈરાનના પરમાણુ મથકો પર બોમ્બમારો કર્યો હતો, જેમાં યુરેનિયમને શસ્ત્ર બનાવવા માટે જરૂરી શુદ્ધતા સુધી લઈ જનારા ઘણા સેન્ટ્રિફ્યુજ નાશ પામ્યા હોવાની શક્યતા છે. ઈઝરાયેલના હુમલાઓએ ઈરાનનું હવાઈ સંરક્ષણ પણ ધ્વસ્ત કરી દીધું હતું અને તેના બેલિસ્ટિક મિસાઈલ શસ્ત્રાગારને પણ નિશાન બનાવ્યું હતું.

ન્યુ યોર્ક સિટીમાં એક બિલ્ડિંગની ઉપર આવેલી પાણીની ટાંકીમાંથી લીક થયેલું પાણી થીજી ગયું.

પેજ 3

ફિલ્મ 'ઘુસખોર પંડત'ના ટાઇટલથી વિવાદ સર્જાયો

બ્રાહ્મણ સમુદાયના અપમાનના આક્ષેપ સાથે યોગી સરકારની કડક કાર્યવાહી

યોગી આદિત્યનાથના નિર્દેશ પર નીરજ પાંડેની ફિલ્મ સામે એફઆઈઆર નોંધાઈ

કેન્દ્રએ નેટફ્લિક્સને ફિલ્મના ટીઝર અને તમામ પ્રમોશનલ સામગ્રી હટાવી દેવા કહ્યું

માયાવતી અને VHPએ પ્રતિબંધની માંગ કરી

લઈને શુક્રવારે મોટો વિવાદ ઊભો થયો હતો. નેટફ્લિક્સ પર રિલીઝ થયેલા આ ટીઝરમાં મનોજ બાજપેયીને એક ભ્રષ્ટ પોલીસ અધિકારી 'અજય દીક્ષિત' ઉર્ફે 'પંડત' તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ શીર્ષક સામે રાજકીય પક્ષો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ઉગ્ર વિરોધ નોંધાવતા તેને 'જાતિવાદી' ગણાવ્યું હતું. વિરોધ કરનારાઓનું કહેવું છે કે આ ફિલ્મ જાણીજોઈને બ્રાહ્મણ સમુદાયને નિશાન બનાવવા અને તેમને ખરાબ રીતે ચિતરવા માટે બનાવવામાં આવી છે. બસપા પ્રમુખ માયાવતી અને વિશ્વ હિન્દુ પરિષદે પણ આ મામલે કડક વાંધો ઉઠાવી ફિલ્મ પર પ્રતિબંધની માંગ કરી હતી.

આ વિવાદની ગંભીરતાને ધ્યાનમાં લેતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર લખનૌ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં ફિલ્મના નિર્દેશક અને ટીમ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. યુપી સરકારના જણાવ્યા મુજબ, સામાજિક દુશ્મનાવટ ફેલાવવા, ધાર્મિક અને જ્ઞાતિની લાગણી દુભાવવા તેમજ જાહેર શાંતિ ભંગ કરવાના પ્રયાસ બદલ આ ગુનો નોંધાયો છે.

બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ નેટફ્લિક્સને સોશિયલ મીડિયા પરથી ફિલ્મના ટીઝર અને તમામ પ્રમોશનલ સામગ્રી હટાવી દેવા સૂચના આપી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ સમાજ વિરુદ્ધ આવી બાબતો સાંખી લેવામાં આવશે નહીં. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

લખનઉ, તા. 6 (પીટીઆઈ): હિન્દી ફિલ્મ 'ઘૂસખોર પંડત'ના ટાઇટલને લઈને શુક્રવારે મોટો વિવાદ ઊભો થયો હતો. નેટફ્લિક્સ પર રિલીઝ થયેલા આ ટીઝરમાં મનોજ બાજપેયીને એક ભ્રષ્ટ પોલીસ અધિકારી 'અજય દીક્ષિત' ઉર્ફે 'પંડત' તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ શીર્ષક સામે રાજકીય પક્ષો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓએ ઉગ્ર વિરોધ નોંધાવતા તેને 'જાતિવાદી' ગણાવ્યું હતું. વિરોધ કરનારાઓનું કહેવું છે કે આ ફિલ્મ જાણીજોઈને બ્રાહ્મણ સમુદાયને નિશાન બનાવવા અને તેમને ખરાબ રીતે ચિતરવા માટે બનાવવામાં આવી છે. બસપા પ્રમુખ માયાવતી અને વિશ્વ હિન્દુ પરિષદે પણ આ મામલે કડક વાંધો ઉઠાવી ફિલ્મ પર પ્રતિબંધની માંગ કરી હતી.

આ વિવાદની ગંભીરતાને ધ્યાનમાં લેતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર લખનૌ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં ફિલ્મના નિર્દેશક અને ટીમ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. યુપી સરકારના જણાવ્યા મુજબ, સામાજિક દુશ્મનાવટ ફેલાવવા, ધાર્મિક અને જ્ઞાતિની લાગણી દુભાવવા તેમજ જાહેર શાંતિ ભંગ કરવાના પ્રયાસ બદલ આ ગુનો નોંધાયો છે.

બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ નેટફ્લિક્સને સોશિયલ મીડિયા પરથી ફિલ્મના ટીઝર અને તમામ પ્રમોશનલ સામગ્રી હટાવી દેવા સૂચના આપી છે. ભાજપના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે કોઈપણ સમાજ વિરુદ્ધ આવી બાબતો સાંખી લેવામાં આવશે નહીં. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

ઘૂસખોર પંડત કોઈ જ્ઞાતિ કે સમુદાય વિશે નથી: નીરજ પાંડે

હાલ પૂરતી તમામ પ્રમોશનલ સામગ્રી હટાવી લેવામાં આવી છે

મુંબઈ, તા. 6 (પીટીઆઈ): નેટફ્લિક્સ ફિલ્મ 'ઘૂસખોર પંડત'ના શીર્ષકને લઈને સર્જાયેલા વિવાદ બાદ નિર્દેશક નીરજ પાંડે અને અભિનેતા મનોજ બાજપેયીએ મૌન તોડતા સ્પષ્ટતા કરી છે. નીરજ પાંડેએ જણાવ્યું કે આ ફિલ્મ સંપૂર્ણપણે કાલ્પનિક પોલીસ ડ્રામા છે અને તેમાં વપરાયેલો 'પંડત' શબ્દ માત્ર એક પાત્રનું બોલચાલનું નામ છે.

નીરજે સ્પષ્ટ કર્યું કે વાર્તા વ્યક્તિના કાર્યો અને પસંદગીઓ પર આધારિત છે, જેનો કોઈ જ્ઞાતિ, ધર્મ કે સમુદાય સાથે સંબંધ નથી. જોકે, પ્રેક્ષકોના એક વર્ગની લાગણી દુભાઈ હોવાનું સ્વીકારીને નિર્માતાઓએ હાલ પૂરતી તમામ પ્રમોશનલ સામગ્રી સોશિયલ મીડિયા પરથી હટાવી દીધી છે. મુખ્ય ભૂમિકા ભજવનાર મનોજ બાજપેયીએ પણ જાહેર લાગણીઓનું સન્માન કરતા જણાવ્યું કે, એક કલાકાર તરીકે તેમણે માત્ર એક ભ્રષ્ટ પોલીસના પાત્ર અને તેની આત્મ-સાક્ષાત્કારની સફરને જ જુએ કરી છે. આ ફિલ્મ કોઈ સમુદાય વિશે નિવેદન આપવા માટે બનાવવામાં આવી નથી. રીતેશ શાહ દ્વારા નિર્દેશિત અને નીરજ પાંડે દ્વારા નિર્મિત આ ક્રાઇમ થ્રિલર દિલ્હીમાં વણાયેલી એક વૈશ્વિક કાવતરાની વાર્તા છે.

ડ્રગ્સ કેસમાં દક્ષિણની અભિનેત્રી અંજુ કૃષ્ણા અને ડિરેક્ટરની ધરપકડ

કોચી, તા. 6: ગ્લેમર ઇન્ડસ્ટ્રીની ઝાકઝમાળ પાછળનો કાળો ચહેરો ફરી એકવાર સામે આવ્યો છે. કેરળના કોચીમાં પોલીસે એક હાઈ-પ્રોફાઇલ દરોડા દરમિયાન સાઉથની જાણીતી અભિનેત્રી અંજુ કૃષ્ણા અને ફિલ્મ ડિરેક્ટરની ડ્રગ્સ રાખવાના આરોપમાં ધરપકડ કરી છે. કાક્કનાડ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ પર પોલીસે જ્યારે દરોડો પાડ્યો ત્યારે ત્યાંથી પ્રતિબંધિત માદક પદાર્થો મળી આવ્યા હતા.

અમેરિકાના સૌથી ખરાબ ગુનેગારોની યાદીમાં ૮૯ ભારતીયો

અમેરિકાના ઇમિગ્રેશન વિભાગ દ્વારા ધરપકડ કરાયેલા સૌથી ખરાબ ૨૫૦૦૦ ગુનેગારોની યાદી જાહેર કરાઇ, જેમાં ૮૯ ભારતીયો છે

આ ભારતીયો મોટે ભાગે નાણાકીય ગુનાઓ માટે દોષિત ઠર્યા છે, ૨૧ જણા હુમલો, ચોરી જેવા ગુનાઓ માટે જ્યારે ૧૭ જણા જાતીય અપરાધો માટે દોષિત ઠર્યા છે, એક વ્યક્તિ માનવવધની દોષિત

વૉશિંગ્ટન, તા. ૬: અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી (DHS) એ ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના ઇમિગ્રેશન અમલીકરણ અભિયાનના ભાગરૂપે 'Arrested: Worst of Worst' નામનું એક નવું સાર્વજનિક ડેટાબેઝ લોન્ચ કર્યું છે. 2025માં આ અભિયાન શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં ICE દ્વારા ધરપકડ કરાયેલા 25,000 ઇમિગ્રન્ટ્સની યાદીમાં ઓછામાં ઓછા 89 ભારતીયોના નામ સામેલ છે. આ યાદીમાં સામેલ 89 ભારતીય વ્યક્તિઓમાંથી મોટાભાગના નાણાકીય અને હિંસક ગુનાઓ માટે દોષિત ઠર્યા છે.

DHSની આ સર્ચ કરી શકાય તેવી વેબસાઈટે 25,000 પરપ્રાંતિયોના નામ, મગશોટ્સ (જેલના ફોટા), ધરપકડનું સ્થળ અને કથિત ગુનાઓ પ્રસિદ્ધ કર્યા છે. આ વ્યક્તિઓને વર્સ્ટ ઓફ ધ વર્સ્ટ (સૌથી ખરાબ ગુનેગાર) તરીકે લેબલ કરવામાં આવ્યા છે, જેમની ધરપકડ નાણાકીય છેતરપિંડી, હિંસક ગુનાઓ, ડ્રગ ટ્રાફિકિંગ, જાતીય સતામણી અને અન્ય આરોપો હેઠળ કરવામાં આવી છે. મીડિયા અહેવાલો અનુસાર, ટ્રમ્પના અમલીકરણ અભિયાન સાથે જોડાયેલા બ્રીફિંગ્સ, સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને પ્રમોશનલ વીડિયોમાં વર્સ્ટ ઓફ ધ વર્સ્ટ શબ્દનો વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ડેટાબેઝમાં ઉપલબ્ધ માહિતી મુજબ, યાદીમાં સામેલ 89 ભારતીયો ડ્રગ્સના ગુનાઓ, જાતીય અપરાધો, ચોરી, ઘરેલું હિંસા, છેતરપિંડી, સ્મગલિંગ અને હત્યા જેવી સજાઓનો સામનો કરી રહ્યા છે. આ 89 કેસોમાં, ઓછામાં ઓછી 22 સજાઓ લાર્સની, ટેક્સ ફ્રોડ અને વાયર ફ્રોડ જેવા નાણાકીય ગુનાઓ સાથે જોડાયેલી છે. બાકીનામાંથી 21 હિંસક ગુનાઓ જેમ કે હુમલો અને ઘરફોડ ચોરી માટે દોષિત હતા, જ્યારે 17 જાતીય ગુનાઓ માટે દોષિત ઠર્યા હતા. સમગ્ર યાદીમાં એક વ્યક્તિ હિટ-એન્ડ-રન પછી માનવવધ માટે દોષિત ઠરી છે.

ભારતે અણુસક્ષમ અગ્નિ-૩ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

યુઝર ટ્રેનિંગ કવાયતના ભાગરૂપે આ મિસાઇલને સ્ટ્રેટેજિક ફોર્સિક કમાન્ડના જવાનો દ્વારા લોન્ચર પરથી છોડવામાં આવી

ઓડિશાના બાલાસોર કાંઠે કરવામાં આવેલા પરીક્ષણમાં મિશનના તમામ હેતુઓ પૂર્ણ

બાલાસોર(ઓડિશા), તા. 6(PTI): ભારતે આજે શુક્રવારે ઓડિશાના ચાંદીપુર તટ પરથી પરમાણુ શસ્ત્ર વહન માટે સક્ષમ 'અગ્નિ-3' બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ મિસાઈલ 3,000 કિલોમીટરથી વધુની પ્રહાર મર્યાદા ધરાવે છે.સપાટીથી સપાટી પર પ્રહાર કરતી આ મિસાઈલને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC)ના જવાનો દ્વારા યુઝર ટ્રેનિંગ કવાયતના ભાગરૂપે મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, મિસાઈલને પ્રોડક્શન લોટમાંથી રેન્ડમ રીતે પસંદ કરવામાં આવી હતી. નોંધનીય છે કે SFC વ્યુહાત્મક હથિયાર પ્રણાલીના સંચાલન માટે જવાબદાર છે. આ પ્રક્ષેપણ દ્વારા તમામ ઓપરેશનલ અને ટેકનિકલ માપદંડોની પુષ્ટિ કરવામાં આવી હતી. ઓટો-લોન્ચ કમાન્ડ આપ્યા બાદ, બે તબક્કાની સોલિડ-પ્રોપેલ્ડ મિસાઈલે નિર્ધારિત ઉડ્ડયન માર્ગ પર ઉડાન ભરી હતી.

રશિયન સૈન્ય ગુપ્તચર વિભાગના ડેપ્યુટી ચીફ પર જીવલેણ હુમલો

લેફ્ટનન્ટ જનરલ વ્લાદિમીર અલેકસેયેવ પર અનેક રાઉન્ડ ફાયરિંગ કરાયું

રશિયા આવા હુમલાઓ માટે યુક્રેનને જવાબદાર ઠેરવે છે

મોસ્કો, તા. 6 (એપી): રશિયન સૈન્ય ગુપ્તચર વિભાગના ડેપ્યુટી ચીફ પર શુક્રવારે મોસ્કોમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેઓ ગોળી વાગવાથી ઈજાગ્રસ્ત થયા હતા.

ઈન્વેસ્ટિગેટિવ કમિટીના પ્રવક્તા સ્વેતલાના પેટ્રેન્કોએ જણાવ્યું કે, 64 વર્ષીય લેફ્ટનન્ટ જનરલ વ્લાદિમીર અલેકસેયેવ પર ઉત્તર-પશ્ચિમ મોસ્કોમાં એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ પાસે અજાણ્યા હુમલાખોરે અનેક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અલેકસેયેવ 2011 થી રશિયન સૈન્ય ગુપ્તચર વિભાગના પ્રથમ ડેપ્યુટી હેડ તરીકે સેવા આપી રહ્યા છે અને તેમને સીરિયામાં રશિયાના સૈન્ય અભિયાનમાં ભૂમિકા બદલ 'હીરો ઓફ રશિયા' મેડલથી નવાજવામાં આવ્યા હતા.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું કે પ્રમુખ વ્લાદિમીર પુતિનને આ હુમલાની જાણ કરવામાં આવી છે અને કાયદા અમલીકરણ એજન્સીઓએ યુક્રેન સાથેના સંઘર્ષ દરમિયાન વરિષ્ઠ સૈન્ય અધિકારીઓની સુરક્ષા વધારવાની જરૂર છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે એક દિવસ પહેલા જ અબુ ધાબીમાં રશિયન, યુક્રેનિયન અને અમેરિકી વાટાઘાટકારો વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવાના હેતુથી બે દિવસીય મંત્રણા પૂર્ણ થઈ હતી. રશિયા આ પ્રકારની હત્યાઓ માટે યુક્રેનને જવાબદાર ઠેરવે છે.

નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી રશિયન સૈન્ય અધિકારીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. અગાઉ ડિસેમ્બર 2024માં લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરીલોવની બોમ્બ બ્લાસ્ટમાં હત્યા કરવામાં આવી હતી, જેની જવાબદારી યુક્રેનની સુરક્ષા સેવાએ સ્વીકારી હતી. તે પહેલા એપ્રિલમાં લેફ્ટનન્ટ જનરલ યારોસ્લાવ મોસ્કાલિક અને ડિસેમ્બરમાં લેફ્ટનન્ટ જનરલ ફાનિલ સરવરોવ પણ સમાન હુમલાઓમાં માર્યા ગયા હતા.

યુક્રેન પ્રમુખ ઝેલેન્સ્કીએ પણ અગાઉ સંકેત આપ્યો હતો કે રશિયન સૈન્યના ટોચના અધિકારીઓ વિરુદ્ધ ન્યાયની પ્રક્રિયા નિશ્ચિતપણે આગળ વધશે. જોકે, અલેકસેયેવ પર થયેલા આ તાજેતરના હુમલા અંગે યુક્રેને હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી.